**-: આંક-૧ લગત હુકમ :-**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજીની સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજદારના વિ.વ.શ્રીએ મુદ્દામાલ અરજી સંદર્ભે દલીલ કરેલ છે કે, આ કામના અરજદારના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં. ૩૯૯૫૫૯૦૧૧૯ માંથી કુલ રૂા.૧૮,૮૪૦/- ઉપડી ગયેલ હતા. જેની ફરીયાદ અરજદાર દ્વારા તા. ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને નોંધાવેલ હતી. જેથી અરજદારને ગોંડલ સીટી પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યારબાદ સાઈબર ક્રાઇમ પોલીસ દ્વારા સામાવાળાના (1) Bank of Maharashtra ખાતા નં.60532312939 IFSC MAHB 0000639 માં કુલ રૂા. ૧૮,૮૪૦/- સી.આર.પી.સી. કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી. આથી આપ સાહેબને જણાવવાનું કે અમોને ખુબજ આર્થીક નુકશાન થયેલ છે. જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) વધુમાં આ કોર્ટ દ્વારા લેખીત અભિપ્રાય તથા જરૂરી દસ્તાવેજો રજુ કરવા જણાવેલ. ત્યારબાદ તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મુદ્દામાલ અભિપ્રાય પોલીસ દ્વારા મોકલવામા આવેલ. જે અભિપ્રાય મુજબ આ સાયબર અરજી એકનોલોજમેન્ટ નં.૩૧૧૦૬૨૫૦૧૦૭૨૯૫ વાળી અત્રેના પો.સ્ટે. મળતા ગોંડલ સીટી પોલીસ સ્ટેશન સાયબર અરજી થયેલ અને અરજદાર **જયશ્રીબેન જગદીશભાઈ આશર, રહે. નાગર શેરી, ગોંડલ, તાં. ગોંડલ, જી. રાજકોટ** વાળાઓ સાથે તા. ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમનો બનાવ બનેલ હતો જેમાં અરજદારના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં. ૩૯૯૫૫૯૦૧૧૯ માંથી કુલ રૂા. ૧૮,૮૪૦/- ઉપડી ગયેલ હતા. જેની ફરીયાદ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને નોંધાવેલ હતી. જે અરજદારની ફરીયાદ આધારે સાયબર ક્રાઇમ સેલ સી.આઇ.ડી. ક્રાઇમ, ગાંધીનગર દ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળાના (1)

Bank of Maharashtra ખાતા નં.60532312939 IFSC MAHB 0000639 માં કુલ રૂા. ૧૮,૮૪૦/- સી.આર.પી.સી.કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે નાણા પાછા મેળવવા માટે અરજદારે આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારુ અમારો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે જણાવાનું કે અરજદારશ્રી નાઓ સામાવાળાના (1) Bank of Maharashtra ખાતા નં.60532312939 IFSC MAHB 0000639 માં કુલ રૂા. ૧૮,૮૪૦/- ફ્રિઝ થયેલ છે. સદરહું ખાતુ સીઝ કર્યા બાદ શંકાસ્પદ બેંક ખાતાધારકોને અત્રેના પો.સ્ટે.થી તેમની બેંક તરફથી અપાયેલ સરનામા પર રજીસ્ટર એડી. કરી અને સદરહું નોટીસ મળ્યેથી સાત દિવસમાં અત્રેના પો.સ્ટે. ખાતે હાજર રહેવા સમજ કરેલ હોય પરંતુ આજ દિન સુધી સદરહું એકાઉન્ટ હોલ્ડર અત્રેના પો.સ્ટે. આવેલ ન હોય જેથી અરજદારે કોર્ટમાં બેંક ફ્રિઝ થયેલ રકમ રીફંડ કરવા માટે બી.એન.એસ.એસ.કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી કરેલ હોય જેમાં પોલીસ દ્વારા હોલ્ડ થયેલ રકમ બાબતે યોગ્ય હુકમ કરવા અભિપ્રાય આપેલ છે.

(૪) સમગ્ર રેકર્ડની ચકાસણી કરતા આ કામના અરજદારના ખાતામાંથી તા. ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ આ કામના અરજદારના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં. ૩૯૯૫૫૯૦૧૧૯ માંથી કુલ રૂા. ૧૮,૮૪૦/- સામાવાળાના (1) Bank of Maharashtra ખાતા નં.60532312939 IFSC MAHB 0000639 માં કુલ રૂા. ૧૮,૮૪૦/- ફ્રીઝ થયેલ હોય અને તે ફ્રિઝ બાબતે ગોંડલ સીટી પો.સ્ટે. નાઓએ સામાવાળા (1) Bank of Maharashtra ખાતા નં.60532312939 IFSC MAHB 0000639 માં કુલ રૂા. ૧૮,૮૪૦/- ના બેસ્ટ કલેમેટ હોય જેથી આ રકમ અરજદાર **જયશ્રીબેન જગદીશભાઈ આશર** નાઓને આપવા ઉચીત જણાય આવે છે.

(૫) ઉપરોકત હકિકત તથા કેસનું રેકર્ડ તેમજ આ કામના અજરદાર નાઓ દ્વારા આ અરજી સાથે રજુ કરેલ નામ. સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબાલાલ દેસાઈના ચુકાદાને માનસહ વંચાણે લેતા અરજદાર જ બેસ્ટ કલેમેન્ટ હોય જેથી તેઓને ફ્રિઝ રકમ આપવા ઉચીત જણાય આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

ત્રીજા એડી.ચીફ જ્યુડી. મેજી.,ગોંડલ.

-//હુ ક મ//-

અરજદાર **જયશ્રીબેન જગદીશભાઈ આશર, રહે. નાગર શેરી, ગોંડલ, તાં. ગોંડલ, જી. રાજકોટ વાળા નાઓને મુદ્દામાલ ફ્રિઝ કરેલ રકમ રૂા. ૧૮,૮૪૦/-** સામાવાળાના (1) Bank of Maharashtra ના ખાતા નં. 60532312939 માંથી અરજદારના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ખાતા નં. ૩૯૯૫૫૯૦૧૧૯ માં પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) અરજદારે મુદ્દામાલ નામદાર કોર્ટ અગર પોલીસ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં અચુક રજુ કરવાનું રહેશે.

(૨) આ હુકમની એક નકલ અમલવારી માટે સબંધિત પોલીસ સ્ટેશને મોકલવી.

આ હુકમ આજ રોજ તારીખ ૦૧ લી, માંહે.-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

(આર.એસ.રાઠોડ)
ત્રીજા એડી.ચીફ જયુડી. મેજી.,ગોંડલ.

ત્રીજા એડી.ચીફ જયુડી. મેજી.,ગોંડલ.